MOEC ની ગૅરંટી
બમણો અભ્યાસ અડધી ફીમાં
શીખો સ્પોકન ઈંગ્લિશ આ વેકેશનમાં
છેલ્લો બેચ: 29 એપ્રિલથી
Since 1987 MOEC® english for all
નાનપુરા, સુરત 98256 51030

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા


SUKHARAM OPTICAL HOUSE
બ્રાન્ડેડ ફ્રેમ
કોસ્મેટીક કોન્ટેક્ટ લેન્સ
ગોગલ્સ
સુખારામ ઓપ્ટીકલ હાઉસ
કોમ્પ્યુટરાઈઝ્ડ આઈ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ ક્લીનિક
યુ-૧ થી ૪, ત્રિભુવન કોમ્પલેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત.
ફોન : 2666806, મો. 78744 44876 (પાર્કીંગની વ્યવસ્થા)

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૧ * * * સંવત ૨૦૮૦ ચૈત્ર વદ બીજ, શુક્રવાર ૨૬ એપ્રિલ, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭ - અંક : ૧૩૮

પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦

# આજે બીજા તબક્કાની લોકસભા ચૂંટણી

**13 રાજ્યોમાં 88 બેઠકો માટે મતદાન**

**કેરળની** તમામ ૨૦ અને કર્ણાટકની ૨૮માંથી ૧૪ બેઠકો માટે તથા રાજસ્થાનની બાકીની ૧૩ બેઠકો માટે આજે મતદાન થશે

**આજના** મતદાન સાથે કેરળ, રાજસ્થાન અને ત્રિપુરામાં ચૂંટણી સમાપ્ત થશે

**આજે** ૧૫.૮૮ કરોડ મતદારો, ૧૬ ચૂંટણી કર્મચારીઓ તૈનાત



**નવી દિલ્હી, તા. 25 (PTI):** લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે શુક્રવારે 13 રાજ્યોની 88 બેઠકો માટે મતદાન યોજાશે, જેમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી કેરળના વાયનાડથી સતત બીજી વાર ચૂંટણી લડી રહ્યા છે. કેરળની તમામ 20 બેઠકો ઉપરાંત કર્ણાટકની 28 બેઠકોમાંથી 14, રાજસ્થાનની 13 બેઠકો, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશમાં 8-8 બેઠકો, મધ્ય પ્રદેશની 6 બેઠકો, આસામ અને બિહારની 5-5 બેઠકો અને છત્તીસગઢ અને પશ્ચિમ બંગાળની 3-3 બેઠકો પર અને મણિપુર, ત્રિપુરા અને જમ્મુ અને કાશ્મીરમાં 1-1 સીટ પર આજે મતદાન થશે. આ તબક્કામાં આઉટર મણિપુર મતવિસ્તારમાંથી ચાર સહિત કુલ 1206 ઉમેદવારો ચૂંટણી લડશે, જેનો પ્રચાર બુધવારે સાંજે સમાપ્ત થયો હતો.

કોંગ્રેસના નેતા શશિ થરૂર, કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખર અને અભિનેતામાંથી રાજકારણી બનેલા અરુણ ગોવિલ, કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમારના ભાઈ ડીકે સુરેશ (કોંગ્રેસ), અને કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્યમંત્રી એચડી કુમારસ્વામી (જેડીએસ) મુખ્ય ઉમેદવારોમાં છે જ્યારે ભાજપના હેમા માલિની, ઓમ બિરલા અને ગજેન્દ્ર સિંહ શેખાવત પોતપોતાના મતવિસ્તારોમાંથી જીતની હેટ્રિક કરવા માગે છે. અત્રે ઉલ્લેખનીય છે કે સાત તબક્કામાંથી 21 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 102 બેઠકો માટે ગયા શુક્રવારે યોજાયેલી પ્રથમ ચૂંટણીમાં લગભગ 65.5 ટકા મતદાન થયું હતું. આજે ૧૫.૮૮ કરોડ મતદારો છે જેમના માટે ૧.૬૭ લાખ મતદાન કેન્દ્રો પર ૧૬

...અનુસંધાન પાના 2 પર

## આજે બીજા તબક્કાના મતદાન વખતે ઘણા રાજ્યોમાં સખત હીટવેવની ચેતવણી

**નવી દિલ્હી.** આવતીકાલે શુક્રવારે જ્યારે બીજા તબક્કાની લોકસભા ચૂંટણી માટે મતદાન યોજાઇ રહ્યું છે ત્યારે જ્યાં મતદાન છે તેવા ઘણા રાજ્યો માટે સખત ગરમીના મોજાની ચેતવણી આપવામાં આવી છે. હવામાન વિભાગે આજે ચેતવણી આપી હતી કે પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, ઝારખંડ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, કર્ણાટક અને ઉત્તર પ્રદેશના ભાગોમાં આગામી પાંચ દિવસોમાં હીટ વેવ કે સખત હીટ વેવની સ્થિતિ પ્રવર્તી શકે છે. તેણે પશ્ચિમ બંગા અને ઓડિશા માટે રેડ વોર્નિંગ અને બિહાર તથા કર્ણાટકના ભાગો માટે ઓરેંજ એલર્ટ જારી કર્યું છે.

### આજે રાહુલ, હેમા માલિની સહિત કેટલાક જાણીતા નામો મેદાનમાં

**નવી દિલ્હી.** આજે બીજા તબક્કાની ચૂંટણી માટે ૧૨૦૨ જેટલા ઉમેદવારો છે જેમાં રાહુલ ગાંધી, ઓમ બિરલા અને હેમા માલિની જેવા કેટલાક જાણીતા નામો પણ સ્પર્ધામાં છે. કોંગ્રેસના નેતાઓ રાહુલ ગાંધી અને શશી થરૂર, ભાજપના ઉમેદવાર અને ભૂતપૂર્વ અભિનેત્રી હેમા

...અનુસંધાન પાના 2 પર

### ઉમેદવારના અવસાનને કારણે એક બેઠકની ચૂંટણી ત્રીજા તબક્કામાં ગઇ

આજે બીજા તબક્કામાં ૮૯ બેઠકો પર મતદાન થવાનું હતું પરંતુ મધ્ય પ્રદેશની બેતુલ બેઠકના બહુજન સમાજ પાર્ટી(બસપા)ના ઉમેદવારનું અવસાન થતા આ બેઠક માટેનું મતદાન હવે ત્રીજા તબક્કાની ચૂંટણીમાં થશે, આથી આજે હવે ૮૮ બેઠકો માટે જ મતદાન થશે.



## અરુણાચલમાં ભૂસ્ખલનને કારણે નેશનલ હાઇવે-313નો એક ભાગ તૂટી પડ્યો

**ચીન** સરહદથી લગભગ 83 કિલોમીટર દૂર મહત્ત્વપૂર્ણ હાઇવે પટને નુકસાન

**ઈટાનગર, તા. 25 (PTI).** અરુણાચલ પ્રદેશમાં સતત ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે હુનલી અને અનીની વચ્ચેના રાષ્ટ્રીય ધોરીમાર્ગ-313નો એક ભાગ તૂટી પડ્યો હતો. ભૂસ્ખલનથી રાજ્યમાં ટ્રાફિકની અવરજવરમાં વિક્ષેપ પડ્યો હતો અને દિબાંગ ખીણ જિલ્લાનો સંપર્ક મુખ્ય ભૂમિથી તૂટી ગયો હતો. એમ એક અધિકારીએ ગુરુવારે જણાવ્યું હતું. જિલ્લા વહીવટીતંત્રે યુદ્ધના ધોરણે રસ્તાના સમારકામ માટે કામદારો અને પૂરતી મશીનરી તૈનાત કરી છે. એમ અધિકારીએ જણાવ્યું હતું. ભારત-ચીન સરહદથી લગભગ 83 કિલોમીટર દૂર લોઅર ડિબાંગ ખીણમાં રોઈંગને અનીની સાથે જોડતા મહત્ત્વપૂર્ણ હાઇવે પટને નુકસાન થયું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે, બુધવારે રાત્રે ભૂસ્ખલનને કારણે દિબાંગ ખીણ જિલ્લા મુખ્યાલય હુનલી અને અનીની વચ્ચેનો માર્ગ તૂટી ગયો હતો, જેના કારણે સરહદી જિલ્લો મુખ્ય ભૂમિથી અલગ પડી ગયો હતો. અનીનીના એડિશનલ ડેપ્યુટી કમિશનર (એડીસી) ધૂર્ભજ્યોતિ બોરાહે જણાવ્યું હતું કે, "ટ્રાફિક અવરજવરને પુન:સ્થાપિત કરવામાં થોડા દિવસો લાગશે." જોકે, એડીસીએ કહ્યું કે, ગુરુવાર સાંજ સુધીમાં નાનાં વાહનો રસ્તા પર ચાલી શકે તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. દરમિયાન મુખ્યમંત્રી પેમા ખંડુએ ત્યાંની સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી હતી. ખંડુએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે,"હુનલી અને અનીની વચ્ચેના હાઇવેને વ્યાપક નુકસાનને કારણે મુસાફરોને થતી અસુવિધા વિશે જાણીને વ્યગ્ર છું. વહેલામાં વહેલી તકે કનેક્ટિવિટી પુન:સ્થાપિત કરવા માટે સૂચનાઓ જારી કરવામાં આવી છે. કારણ કે, આ માર્ગ દિબાંગ ખીણને દેશના બાકીના ભાગો સાથે જોડે છે."




## ખ્રિસ્તી સમુદાય માટે ભાજપની કરની અને કથની જુદી-જુદી

કેરળમાં ખ્રિસ્તી સમુદાયને આકર્ષવા માટે ભાજપે શ્રેણીબદ્ધ પગલાં લીધાં હોવા છતાં રાજ્યના ભાજપના નેતાઓ ફરિયાદ કરી રહ્યા હતા કે દિલ્હીમાં પાર્ટી હાઈકમાન્ડ દ્વારા જાહેર કરવામાં આવેલી લોકસભાની ચૂંટણી માટેના ઉમેદવારોની સૂચિમાં તેનો ઉલ્લેખ નથી. 2019માં નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ) પાસે ત્રણ ખ્રિસ્તી ઉમેદવારો હતા- અમલદારમાંથી રાજકારણી બનેલા કે જે આલ્ફોન્સ (એર્નાકુલમ), કે વી સાબુ (કોલ્લમ) અને ગઠબંધન ભાગીદાર કેરળ કોંગ્રેસ (ટી) ના પી સી થોમસ. જોકે, આ વખતે માત્ર એક જ ખ્રિસ્તી ઉમેદવાર છે, તે પણ ભાજપ દ્વારા જ મેદાનમાં ઉતારાયા છે, એ હકીકત હોવા છતાં કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કેરળમાં આ સમુદાયને આકર્ષવા માટે ખૂબ જ જોરશોરથી કામ કર્યું છે. કેરળમાં આ વખતે ભાજપ અને એનડીએના એક માત્ર ઉમેદવાર પથાનમથિટ્ટા સીટ પરથી અનિલ એન્ટની મેદાનમાં છે. યોગાનુયોગ, તેઓ કોંગ્રેસના દિગ્ગજ નેતા અને ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન એ કે એન્ટનીના પુત્ર છે. તેમના તરફથી કેરળ ભાજપના નેતાઓએ કહ્યું કે જ્યારે તેઓ પ્રચાર દરમિયાન ચર્ચના નેતાઓને મળવા જાય છે ત્યારે તેમને પૂછવામાં આવે છે કે, પાર્ટીએ આ વખતે સમુદાયમાંથી વધુ ઉમેદવારો કેમ ઊભા રાખ્યા નથી. ચોક્કસપણે, ભાજપ ખ્રિસ્તી સમુદાય સાથે પુલ

...અનુસંધાન પાના 2 પર

## ભારતમાં માનવ અધિકારોના ભંગનો આક્ષેપ કરતો અમેરિકી વિદેશ વિભાગનો રિપોર્ટ: ભારતે તેને ભારે પૂર્વગ્રહયુક્ત ગણાવ્યો

**અમેરિકી** વિદેશ વિભાગના વાર્ષિક અહેવાલમાં મણિપુર સહિત અનેક સ્થળે માનવ અધિકારોનો ભંગ થયો હોવાનું જણાવાયું

**નવી દિલ્હી, તા. 25 (PTI):** અમેરિકાના વિદેશ વિભાગના એક અહેવાલમાં મણિપુર સહિત ભારતના કથિત માનવ અધિકાર ભંગના બનાવો ટાંકવામાં આવ્યા છે, જે અહેવાલને ભારતે ભારે પૂર્વાગ્રહયુક્ત ગણાવ્યો છે અને કહ્યું છે કે તે ભારત અંગેની નબળી સમજનું પ્રતિબિંબ પાડે છે અને ભારત તેને કોઈ મહત્વ આપતું નથી.

અમેરિકી વિદેશ વિભાગના વાર્ષિક અહેવાલે મણિપુરમાં વંશીય હિંસા ફાટી નિકળ્યા પછી માનવ અધિકારોના ભંગના બનાવો પર પ્રકાશ ફેંક્યો છે. આ અહેવાલમાંનો ભારતનો વિભાગ જણાવે છે કે સ્થાનિક માનવ અધિકાર સંગઠનો, લઘુમતિ રાજકીય પક્ષો અને અસરગ્રસ્ત સમુદાયોએ મણિપુરમાં દેશની સરકારે હિંસા અટકાવવા લીધેલા મોડા પગલાઓની અને માનવીય સહાય પુરી પાડવામાં વિલંબની ટીકા કરી છે. આ રિપોર્ટના જણાવ્યા મુજબ એવા સંખ્યાબંધ પ્રેસ અને સિવીલ સોસાયટી રિપોર્ટ્સ છે કે

...અનુસંધાન પાના 2 પર

## પત્નીના સ્ત્રીધન પર પતિનો કોઈ અધિકાર નથી: સુપ્રીમ

**જો પતિએ** મુશ્કેલીના સમયે આ ધનનો ઉપયોગ કર્યો હોય તો પણ તે પત્નીને પરત કરવાની તેની જવાબદારી છે

**નવી દિલ્હી, તા. 25 (PTI):** પતિનો તેની પત્નીના સ્ત્રીધન પર કોઈ કાબૂ નથી અને જ્યારે તે તેની મુશ્કેલીના સમયે તેનો ઉપયોગ કરે તો પણ તે તેની નૈતિક જવાબદારી છે કે તે ધન તે તેની પત્નીને પરત કરે આ વાત સુપ્રીમ કોર્ટે ત્યારે દોહરાવી હતી જ્યારે



તેણે એક પુરુષને એક મહિલાને તેના ખોવાયેલા સોનાના બદલામાં રૂ. ૨૫ લાખ ચુકવવાનો આદેશ આપ્યો હતો. આ કેસમાં આ મહિલાએ દાવો કર્યો હ તો કે તેને તેના લગ્ન વખતે તેના કુટુંબ તરફથી ૮૯ તોલા સોનુ ભેટમાં આપવામાં આવ્યુ હતું. વધુમાં, લગ્ન પછી તેના પિતાએ રૂ. બે લાખનો ચેક પણ તેના પતિને આપ્યો હતો. મહિલાના જણાવ્યા પ્રમાણે લગ્નની પ્રથમ રાત્રે જ સુરક્ષિત રાખવાના બહારને તેના તમામ ઘરેણા લઈ લીધા હતા. તેણીએ આક્ષેપ કર્યો હતો કે બાદમાં કુટુંબનું જૂનુ દેવુ ચુકવવા માટે તેના પતિ તથા તેની માતાએ આ ઘરેણાઓનો દુરુપયોગ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે આ ઘરેણાઓના બદલામાં તેને નાણા ચુકવવાનો આદેશ આપતા કહ્યું હતું કે સ્ત્રીધન પર પત્ની અને પતિનો સંયુક્ત અધિકાર નથી પરંતુ ફક્ત પત્નીનો જ અધિકાર છે. લગ્ન પહેલા, લગ્ન સમયે કે લગ્ન પછી


...અનુસંધાન પાના 2 પર

## સિયાચીન ગ્લેશિયર નજીક રોડ બનાવતું ચીન

**સેટેલાઇટ** ઈમેજથી જાણવા મળ્યું છે કે ચીન પીઓકેમાં સિયાચીન ગ્લેશિયર પાસે નવો રોડ બનાવી રહ્યું છે

**નવી દિલ્હી, તા. 25.** ચીને ફરી હદ વટાવી દીધી છે. હવે તે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે)માં સિયાચીન ગ્લેશિયર પાસે રોડ બનાવી રહ્યું છે. આ વાતનો ખુલાસો સેટેલાઈટ તસવીરો દ્વારા થયો છે. મળતી માહિતી મુજબ, આ રોડ કોંક્રીટનો બનેલો છે.

ભારતને તેની સામે વાંધો છે. આ રોડ ગેરકાયદે કબજા હેઠળના કાશ્મીરમાં એટલે કે વિશ્વના સૌથી



ઊંચા યુદ્ધક્ષેત્ર સિયાચીનના ઉત્તરમાં બનાવવામાં આવી રહ્યો છે.

રિપોર્ટ અનુસાર, પાકિસ્તાન અધિકૃત કાશ્મીરનો એક ભાગ 1963માં ચીનમાં ગયો હતો. ત્યાં ચીન શાક્સગમ ખીણમાં હાઈવે જી-219નું વિસ્તરણ કરી રહ્યું છે. આ વિસ્તાર ચીનના શિનજિયાંગને અડીને આવેલો છે. તે સિયાચીન ગ્લેશિયરના ઈન્દિરા કોલથી 50 કિલોમીટર ઉત્તરમાં છે.

...અનુસંધાન પાના 2 પર

### ભારત-ચીન સરહદની સ્થિતિ હાલમાં 'સામાન્ય રીતે સ્થિર' છે: ચીની સૈન્ય

**બેઇજિંગ.** ચીની સૈન્યએ ગુરુવારે જણાવ્યું હતું કે, ભારત-ચીન સરહદે હાલમાં પરિસ્થિતિ સામાન્ય રીતે સ્થિર છે અને બંને પક્ષોએ પૂર્વી લદ્દાખમાં સૈન્ય સંઘર્ષને ઉકેલવા માટે અસરકારક સંચાર જાળવી રાખ્યો છે. સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા વરિષ્ઠ કર્નલ વુ કિયાને

...અનુસંધાન પાના 2 પર

## મોદીની ટિપ્પણીઓ અંગે ભાજપ પ્રમુખ જેપી નડ્ડાને ચૂંટણી પંચની નોટિસ

**ચૂંટણી** પંચે ભાજપ પ્રમુખને કહ્યું કે પક્ષના તમામ સ્ટાર પ્રચારકોને ઉચ્ચ ધોરણોનું પાલન કરવા જણાવો

**કોઇ** વડાપ્રધાન સામે આચાર સંહિતા ભંગની નોંધ લેવાઇ હોય તેવો પ્રથમ બનાવ

**નવી દિલ્હી, તા. 25 (PTI):** કોઇ વડાપ્રધાન સામે આચાર સંહિતા ભંગની પ્રથમ વખત નોંધ લેતા ચૂંટણી પંચે આજે ભાજપ પ્રમુખ જે.પી. નડ્ડાને વિપક્ષના એવા આક્ષેપ પર નોટિસ આપી હતી કે વડાપ્રધાન મોદીએ રાજસ્થાનના બાંસવાડામાં સમાજમાં ભાગલા પાડે તેવું પ્રવચન કર્યું હતું.

અલગથી, ચૂંટણી પંચે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે સામે પણ નોટિસ જારી કરી છે અને તેમને ભાજપ દ્વારા તેમની વિરુદ્ધ અને તેમના પક્ષના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ કરવામાં આવેલ ફરીયાદો અંગે ખુલાસો કરવા જણાવ્યું છે. પંચે ભાજપ પ્રમુખ નડ્ડાને મોકલેલી નોટિસમાં તેમને સોમવાર સુધી જવાબ આપવા જણાવ્યું છે. ૨૧ એપ્રિલે બાંસવાડામાં મોદીએ કરેલા ભાષણ અંગે કોંગ્રેસ, સીપીઆઇ, સીપીઆઇ(એમ), સીપીઆઇ(એમએલ) અને નાગરિક સમાજ જૂથો દ્વારા કરવામાં આવેલી ફરિયાદોને પગલે આ નોટિસ જારી કરવામાં આવી છે. મોદીએ પોતાના ભાષણમાં એવું ઉચ્ચારણ કર્યું હતું તે જો કોંગ્રેસ સત્તા પર આવશે તો તમારી મિલકતો છીનવી લઇને તે મુસ્લિમોમાં વહેંચી દેશે! મોદીના આ ભાષણની સખત ટીકાઓ થઇ

...અનુસંધાન પાના 2 પર

## ભારત સાથે વેપાર મંત્રણાઓ શરૂ કરો: પાકિસ્તાની ઉદ્યોગપતિઓ, વેપારી અગ્રણીઓની શરીફને વિનંતી

**ભારત** સાથે વેપાર ફરી શરૂ થશે તો તેનાથી પાકિસ્તાનને ઘણો લાભ થશે

**રાજકીય** સ્થિરતા સ્થાપવા પર ધ્યાન આપવા પણ સલાહ આપી

**ઈસ્લામાબાદ, તા. 25 (PTI):** પીઢ પાકિસ્તાની ધંધા ઉદ્યોગ અગ્રણીઓએ વડાપ્રધાન શાહબાઝ શરીફને વિનંતી કરી છે કે ભારત સાથે વેપાર મંત્રણાઓ શરૂ કરવામાં આવે જે આ નાણાભીડગ્રસ્ત દેશના અર્થતંત્રને ખૂબ લાભ કરશે.

એક રાજકીય અગ્રણીએ પણ આ વાતનું પ્રતિબિંબ પાડ્યું છે. લાહોરમાં પંજાબ પ્રાંતની વિધાનસભાના સ્પીકર મલિક અહમદ ખાને આજે કહ્યું હતું કે ભારત સાથેની શત્રુતાનો અંત આવવો જોઈએ અને બંને દેશો વચ્ચેનો વેપાર ફરી શરુ થવો જોઈએ. ખાનની આ ભારત સાથેનો વેપાર ફરી શરૂ કરવાની હાકલ એના એક દિવસ પછી આવી છે જ્યારે પાકિસ્તાનના ધંધા ઉદ્યોગોનો અગ્રણીઓએ કરાચીમાં એક વાર્તાલાપ સત્ર દરમ્યાન ભારત સાથે વ્યાપાક મંત્રણાઓ શરૂ કરવા માટે હાકલ કરી હતી. સ્પીકર ખાને લાહોરમાં કહ્યું હતું કે કોઇ પણ ભય વિના બંને દેશોએ વેપારી સંબંધો શરૂ કરવાની જરૂર છે. અત્રે ઉલ્લેખનીય

...અનુસંધાન પાના 2 પર

### તા. ૨૫-૦૪-૨૦૨૪નું સુરત શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૮.૦° સે. | ૨૬.૨° સે. | ૩૨% |